# મુખ્ય દુકાનધારા કચેરી
# સુરત મહાનગરપાલિકા ,
# મુગલસરાઈ,
# સુરત – ૩૯૫૦૦૩

**(R.P.A.D)**

અપીલ અરજી નં.૨૭

તા.૨૭/૪/૨૦૧૫

**અરજદારઃ–** શ્રી હિતેશ આર. વિશ્વકર્મા

**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરીક્ષકશ્રી, મુખ્ય દુકાનધારા નિરીક્ષકની કચેરી

**ફરીયાદની હકકીત :–**

**વિષયઃ–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેશ આર. વિશ્વકર્માની અરજી ( આઈ.ડી. નં.૩૦૪૩ તા. ૨૬/૩/૨૦૧૫) ના મુદ્દા નં. (૪) સુરત મહાનગરપાલિકાના વોર્ડ ન. ૩૭ના કોર્પોરેટર નૈનાબેન મનીષ નાયક અને સુભાષ નામદેવ પાટીલ ધ્વારા સુરત મહાનગરપાલિકામાં કરવામાં આવેલ ફરીયાદો, ભલામણો, અરજીઓની એટેસ્ટેડ નકલો આપશો અને તેના અનુસંધાને સુરત મહાનગરપાલિકા ધવારા જે કાંઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય, તેની વિગતવાર માહિતી,મુદ્દા નં.(૫)સુરત મહાનગરપાલિકાના વોર્ડ ન. ૩૭ના કોર્પોરેટર નૈનાબેન મનીષ નાયક અને સુભાષ નામદેવ પાટીલ ધ્વારા ધ્વારા તેઓના વિસ્તારમાં લોકોને થતી અસુવિધા તથા તેઓના વિસ્તારમાં વિકાસ કામગીરી માટે સુરત મહાનગરપાલિકાને આજદિન સુધી જે કાંઈ પણ રજુઆત કરી હોય, તેની આધારા પુરાવા સહીત માહિતી તથા તેઓની રજુઆતના અનુસુધાને સુરત મહાનગરપાલિકા ધ્વારા આજદિન સુધી જે કાંઈ પણ કાર્યવાહી કે પગલાં લીધા હોય, તેના આધાર પુરાવા સહીત માહિતી તથા મુદ્દા નં.(૬) સુરત મહાનગરપાલિકા ધ્વારા તેઓની કાર્ય વિસ્તારમાં વિકાસ કાર્ય માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડરોની વિગતવાર માહિતી તથા આ ટેન્ડરો બાબતે તેઓ ધ્વારા સુરત મહાનગરપાલિકાને કચેલ ભલામણોની વિગતવાર માહિતી માંગેલ.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની અપીલ નં.એસ. એન્ડ ઈ./ઈન/૨૭ તા. ૨૭/૪/૨૦૧૫.

આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેશ આર. વિશ્વકર્માની અરજી ( આઈ.ડી. નં.૩૦૪૩ તા. ૨૬/૩/૨૦૧૫) ના મુદ્દા નં. (૪) સુરત મહાનગરપાલિકાના વોર્ડ ન. ૩૭ના કોર્પોરેટર નૈનાબેન મનીષ નાયક અને સુભાષ નામદેવ પાટીલ ધ્વારા સુરત મહાનગરપાલિકામાં કરવામાં આવેલ ફરીયાદો, ભલામણો, અરજીઓની એટેસ્ટેડ નકલો આપશો અને તેના અનુસંધાને સુરત મહાનગરપાલિકા ધવારા જે કાંઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય, તેની વિગતવાર માહિતી , મુદ્દા નં.(૫)સુરત મહાનગરપાલિકાના વોર્ડ ન. ૩૭ના કોર્પોરેટર નૈનાબેન મનીષ નાયક અને સુભાષ નામદેવ પાટીલ ધ્વારા ધ્વારા તેઓના વિસ્તારમાં લોકોને થતી અસુવિધા તથા તેઓના વિસ્તારમાં વિકાસ કામગીરી માટે સુરત મહાનગરપાલિકાને આજદિન સુધી જે કાંઈ પણ રજુઆત કરી હોય, તેની આધારા પુરાવા સહીત માહિતી તથા તેઓની રજુઆતના અનુસુધાને સુરત મહાનગરપાલિકા ધ્વારા આજદિન સુધી જે કાંઈ પણ કાર્યવાહી કે પગલાં લીધા હોય, તેના આધાર પુરાવા સહીત માહિતી તથા મુદ્દા નં.(૬) સુરત મહાનગરપાલિકા ધ્વારા તેઓની કાર્ય વિસ્તારમાં વિકાસ કાર્ય માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડરોની વિગતવાર માહિતી તથા આ ટેન્ડરો બાબતે તેઓ ધ્વારા સુરત મહાનગરપાલિકાને કચેલ ભલામણોની વિગતવાર માહિતી માંગેલ જે સંદર્ભે અત્રેના વિભાગના પત્રાંક એસ. એન્ડ ઈ./ જાવક/૦૫ તા. ૯/૪/૨૦૧૫થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૨૭/૪/૨૦૧૫થી અપીલ અધિકારી અને મુખ્ય દુકાનધારા નિરીક્ષકશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની આરટીઆઈ એકટ હેઠળ આઈ.ડી. નં. ૩૦૪૩ તા. ૨૬/૩/૨૦૧૫ની અરજી જે અત્રેના વિભાગમાં ઈલેકશન એન્ડ સેન્સસ/ આરટીઆઈ/જાવક નં.૧ તા.૬/૪/૨૦૧૫થી મુદ્દા નં. (૪) થી(૬) અંગેની માહિતી આપવા તબદીલ કરવામાં આવેલ જે સંદર્ભે અત્રેના વિભાગ તરફથી પત્રાંક એસ એન્ડ ઈ./જાવક/૦૫ તા. ૯/૪/૨૦૧૫થી માહિતી અત્રેના વિભાગને સ્પર્શતી ન હોવાથી **' નીલ '** હોવા અંગેની જાણ અરજદારને રજી. પો. એ.ડી.થી કરવામાં આવેલ.

મજકુર અરજદારની તા.૨૭/૪/૨૦૧૫ની અપીલ અરજી એસ એન્ડ ઈ./૨૭/૨૦૧૫–૧૬ અંગે તા.૧૬/૫/૨૦૧૫ના રોજ સાંજે ૪.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગે અરજદાર શ્રી હિતેશ આર. વિશ્વકર્મા અને જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરીક્ષકને અત્રેથી પત્રાંક એસ એન્ડ ઈ./ જાવક/૧૯ તા. ૬/૫/૨૦૧૫થી પત્ર પાઠવામાં આવેલ. જે સંદર્ભેજાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરીક્ષક મુખ્ય દુકાનધારા નિરીક્ષકની કચેરીમાં રૂબરૂ હાજર રહેલ પરંતુ અરજદારશ્રી હિતેશ આર. વિશ્વકર્મા રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ ન હતા. અરજદારને તા.૧૬/૫/૨૦૧૫ના રોજ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ હોય, અને તેઓ હાજર રહેલ ન હોય, તેઓની રજુ આત બાબતે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## –:હુકમ:–

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭/૪/૨૦૧૫ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરીક્ષકશ્રી ( મુખ્ય દુકાનધારા નિરીક્ષકની કચેરી ) તરફથી પુરી પાડવામાં અખાવેલ માહિતીમાં મુખ્ય દુકાનધારા નિરીક્ષક કચેરીને મુદ્દા નં. (૪) થી (૬) સ્પર્શતા ન હોય મુખ્ય દુકાનધારા નિરીક્ષક કચેરીએ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની ર હેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આમ છતાં અરજદાર મુખ્ય દુકાનધારા નિરીક્ષક કચેરીમાં નિયમ મુજબ રેકર્ડ તપાસણી કરવા અંગે સ્વતંત્ર છે.

અપીલ અધિકારી અને<br>મુખ્ય દુકાનધારા નિરીક્ષક<br>સુરત મહાનગરપાલિકા

નં. એસ. એન્ડ ઈ./ જાવક/ ૩૦<br>તા ૨૫ /૫/૨૦૧૫

**પ્રતિ,**
(૧) જાહેર માહિતી અધિકારી અ ને ગુમાસ્તા નિરીક્ષકશ્રી મુખ્ય દુકાનધારા નિરીક્ષકની કચેરી, પ્રતિ... જાણ તથા અમલ માટે
(૨) સેકશન ઓફીસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ... જાણ માટે
(૩) શ્રી હિતેશ આર. વિશ્વકર્મા પ્રતિ... જાણ માટે

**મુખ્ય દુકાનધારા કચેરી**
**સુરત મહાનગરપાલિકા ,**
**મુગલસરાઈ,**
**સુરત – ૩૯૫૦૦૩**

**(R.P.A.D)**
અપીલ અરજી નં.૨
તા. / /૨૦૧૬

**અરજદારઃ–** શ્રી વિનોદભાઈ આર. પટેલ
**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરીક્ષકશ્રી, મુખ્ય દુકાનધારા નિરીક્ષકની કચેરી

**ફરીયાદની હકકીત :–**

**વિષયઃ–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ આર. પટેલની અરજી ( આઈ.ડી. નં.૫૧૮ તા. ૨૮/૧૨/૨૦૧૫) ની મુદ્દા નં. (૧થી ૧૫) પૈકી મુખ્ય દુકાધારા નિરીક્ષકની કચેરીને લાગત મુદ્દા નં.( ૧૦ ) સુરત શહેરમાં ૨૦ લીટરના કેરબાઓમાં જે પાણી આર. ઓ. વોટર તરીકે કે મીનરલ વોટર તરીકે નાના મોટા સમારંભોમાં, દુકાનોમાં નાની મોટી સરકારી, અર્ધસરકારી કે ખાનગી કચેરીઓમાં અને અન્ય જગ્યાએ સપ્લાય/ વેચાણ કરવામાં આવે છે. સદર એવા પાણીના વેચાણ કર્તા/ ઉત્પાદકના પુરા નામ અને સરનામાની સંપૂર્ણ વિગત તથા તેઓ તમામને એસ.એમ.સી. જે તે સંબંધીત ખાતા ધ્વારા અપાયેલ લાયસન્સની સંપૂર્ણ નકલો. જેમાં અરજદાર રજુ કરેલા આધાર પુરાવાઓનો સમાવેશ થયેલો હોવો જોઈશે. સદર બાબતે લાયસન્સ આપનાર હાલની ઓગોરીટી અને તેના સર્વોચ્ચ અધિકારીનું પુરું નામ અને હોદ્દાની સંપૂર્ણ માહિતી આપવી.તથા (૧૧) સુરત શહેરમાં આવેલ અને રજીસ્ટર્ડ થયેલ તમામ બરફ ઉત્પાદક ફેકટરી અને તેના માલિકો અને તેના પુરા નામ–સરનામા અને તેઓને એસ. એમ.સી. ધ્વારા અપાયેલ લાયસન્સની નકલો અને તેના આનુસાંગીક અરજદાર ધ્વારા રજુ કરાયેલ આધાર પુરાવાની નકલો.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની અપીલ નં.૨ (એસ. એન્ડ ઈ./ઈન/૩૧૪ તા. ૨/૧/૨૦૧૬.)

આરટીઆઈ એકટ હેઠળ ળ શ્રી વિનોદભાઈ આર. પટેલની અરજી ( આઈ.ડી. નં.૫૧૮ તા. ૨૮/૧૨/૨૦૧૫) ના મુદ્દા નં. (૧થી ૧૫) પૈકી મુખ્ય દુકાધારા નિરીક્ષકની કચેરીને લાગત મુદ્દા નં.( ૧૦ ) સુરત શહેરમાં ૨૦ લીટરના કેરબાઓમાં જે પાણી આર. ઓ. વોટર તરીકે કે મીનરલ વોટર તરીકે નાના મોટા સમારંભોમાં, દુકાનોમાં નાની મોટી સરકારી, અર્ધસરકારી કે ખાનગી કચેરીઓમાં અને અન્ય જગ્યાએ સપ્લાય/ વેચાણ કરવામાં આવે છે. સદર એવા પાણીના વેચાણ કર્તા/ ઉત્પાદકના પુરા નામ અને સરનામાની સંપૂર્ણ વિગત તથા તેઓ તમામને એસ.એમ.સી. જે તે સંબંધીત ખાતા ધ્વારા અપાયેલ લાયસન્સની સંપૂર્ણ નકલો. જેમાં અરજદાર રજુ કરેલા આધાર પુરાવાઓનો સમાવેશ થયેલો હોવો જોઈશે. સદર બાબતે લાયસન્સ આપનાર હાલની ઓગોરીટી અને તેના સર્વોચ્ચ અધિકારીનું પુરું નામ અને હોદ્દાની સંપૂર્ણ માહિતી આપવી.તથા (૧૧) સુરત શહેરમાં આવેલ અને રજીસ્ટર્ડ થયેલ તમામ બરફ ઉત્પાદક ફેકટરી અને તેના માલિકો અને તેના પુરા નામ–સરનામા અને તેઓને એસ. એમ.સી. ધ્વારા અપાયેલ લાયસન્સની નકલો અને તેના આનુસાંગીક અરજદાર ધ્વારા રજુ કરાયેલ આધાર પુરાવાની નકલો.જે સંદર્ભે અત્રેના વિભાગના પત્રાંક એસ. એન્ડ ઈ./ જાવક/૧૬૨ તા. ૨૨/૧૨/૨૦૧૫થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૨૮/૧૨/૨૦૧૫થી અપીલ અધિકારી અને મુખ્ય દુકાનધારા નિરીક્ષકશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની આરટીઆઈ એકટ હેઠળ આઈ.ડી. નં. ૫૧૮ તા. ૧૧/૧૨/૨૦૧૫ની અરજી જે અત્રેના વિભાગમાં મધ્યસ્થ કચેરી ધ્વારા અ ાઉટવર્ડ નં. સી/આર.ટી.આઈ./ ૫૧૮ તા. ૧૪/૧૨/૨૦૧૫ થી અત્રે તબદીલ કરવામાં આવેલ જે સંદર્ભે અત્રેના વિભાગ તરફથી પત્રાંક એસ એન્ડ ઈ./જાવક/૧૬૨ તા.૨૨/૧૨/૨૦૧૫થી તા. ૨/૧/૨૦૧૬ના રોજ રેકર્ડ ચકાસણી અંગે રૂબરૂ બોલાવેલ હતા. જેનાથી નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

મજકુર અરજદારની તા.૨૭/૪/૨૦૧૫ની અપીલ અરજી અંગે તા.૧૨/૧/૨૦૧૬ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અંગે અરજદાર શ્રી વિનોદભાઈ આર. પટેલ અને જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરીક્ષકને અત્રેથી પત્રાંક એસ એન્ડ ઈ./ જાવક/૧૬૮ તા. ૪/૧/૨૦૧૬થી પત્ર પાઠવામાં આવેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરીક્ષક મુખ્ય દુકાનધારા નિરીક્ષકની કચેરીમાં રૂબરૂ હાજર રહેલ તથા અરજદાર શ્રી વિનોદભાઈ આર. પટેલ પણ

ં હાજર રહેલ હતા. સુનાવણી દરમ્યાન અરજદારને કોમ્પ્યુટર રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી બતાવવામાં આવેલ હતી. ત્યારબાદ અરજદારે શહેરની સંસ્થાઓની નોંધણી સબબની માહીતી સી.ડી. ફોર્મમાં માંગેલ હતી.

## —:હુકમ:—

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧/૧૨/૨૦૧૫ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ગુમાસ્તા નિરીક્ષકશ્રી ( મુખ્ય દુકાનધારા નિરીક્ષકની કચેરી ) તરફથી પુરી પાડવામાં અખાવેલ માહિતીમાં મુખ્ય દુકાનધારા નિરીક્ષક કચેરીને મુદ્દા નં. (૧૦) તથા (૧૧) ની લાગત માહીતી સહીત તમામ સંસ્થાની માહીતી સી.ડી. ફોર્મમાં નિયત ફી વસુલ લઈ અ ાપવા હુકમ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
મુખ્ય દુકાનધારા નિરીક્ષક
સુરત મહાનગરપાલિકા

નં. એસ. એન્ડ ઈ./ જાવક/
તા /૧/૨૦૧૬

**પ્રતિ,**

(૧) જાહેર માહિતી અધિકારી અ ને ગુમાસ્તા નિરીક્ષકશ્રી મુખ્ય દુકાનધારા નિરીક્ષકની કચેરી, પ્રતિ... જાણ તથા અમલ માટે

(૨) સેકશન ઓફીસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ... જાણ માટે

(૩)શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ પ્રતિ... જાણ માટે